અંધારું ધોવાઈ ગયું છે, તે જ ભર્યું પ્રભાત ઊગ્યું છે.
The darkness has washed away, the full dawn has dawned.
રોજરોજ મનનો અંધકાર ધોઈ નાખવા માટેનો, નવા ઉત્સાહથી મનને તેજસ્વી બનાવવા માટેનો આ તારો સંદેશ છે.
This is your message to wash away the darkness of the mind daily, to brighten the mind with new enthusiasm.
આ સંદેશ ઝીલી, મારો આજનો દિવસ તારાથી શરૂ થાય, તારામાં સંચરે અને તારામાં લઈ પામે,
Accepting this message, may my day begin with you, spread through you, and be carried through you,
આજે હું સંસારની ભૂમિ પર પગ મૂકુ ત્યારે જ્યાં જ્યાં તારું સત્ય અને સૌંદર્ય પ્રગટ થતા હોય તે જોઈ શકવા જેટલી મારી દ્રષ્ટિ શુદ્ધ રહે,
May my vision be pure enough to see where Thy truth and beauty are revealed today as I step upon the land of the world,
મારું આચરણ એવું હોય કે બીજાઓને સાચા થઈને રહેવાનું સરળ બને
May my conduct be such as to make it easy for others to be truthful
મારી વાતો એવી હોય કે તેમની જીવનની શ્રદ્ધા બળવતર બને, તેમની ઉદાસી, હતાશા, ફરિયાદ કે અસંતોષની આગને હું ફૂંક ન મારું,
Let my words be such as to strengthen their faith in life, let me not stoke the fire of their sadness, depression, complaint or discontent,
પણ એક મહત ચેતનામાં પ્રવેશતા એ બધાનું સ્વરૂપ કેવું બદલાઈ જાય છે, તે હું મારા જીવનધારા વ્યક્ત કરું.
But let me express my way of life so the form of their consciousness changes when entering into one great consciousness.
કોઈ સુંદર કામ કરે તેની પ્રશંસા કરું, કોઈ નાની અમથી પણ સહાય કરે કૃતજ્ઞ થાઉં,
Appreciate someone who does a good job, Appreciate someone even with a small amount of help,
આજે જેને પણ મળું, તે મારી આત્મિયતાથી પોતાની અંદર હુંફ અનુભવે ને આશ્વસ્ત થાય, હસીને, હળવાશ અનુભવીને જાય,
Whoever I meet today, he feels warm and reassured by my intimacy, go with smile, feel relaxed,
જીવનની કઠોરતા ને કુરુપતા ગમે તેવી હોય, તેમાં પણ તમારી સુંદરતા ને કરુણા કોઈક રૂપે વ્યક્ત થયા જ કરે છે, તેની તેમને પ્રતીતિ થાય,
Whatever the harshness and ugliness of life, even in it, your beauty and compassion are somehow expressed in any form, they get convinced of it,
જેની સાથે કામ પડે, તે અમારામાં તારું પ્રતિબિંબ જુએ, અને તેનામાં અમે તારું પ્રતિબિંબ જોઈએ,
Whomever we deal with, he may see your reflection in us, and we shall see your reflection in him,
દિવસ દરમિયાન મળેલા આનંદોની અમે કદર કરીએ અને એ આનંદમાં તારા નામનો ઝંકાર સાંભળીએ,
May we cherish the joys of the day and hear your name ringing in that joy,
અમે તને ચાહિયે છીએ તે બતાવી આપે તેવું કોઈક કામ અમારા હાથે થાય,
Let us do something to show that we love you,
બહારના જીવનની ઘટમાળમાં તું સાવ નજીક જ છે, અમારી અંદર જ છે - તે ભૂલીએ નહીં,
In the chaos of outer life You are so close, Within us - don't forget that,
આજના દિવસે અમે એટલા પ્રસન્ન રહીએ કે જે કોઈ અમને મળે તે પ્રસન્ન થાય,
May we be so happy today that whoever meets us will be happy,
અમે એવી રીતે દિવસ પસાર કરીએ કે સાંજ પડ્યે તું પ્રેમાળ સ્મિત કરીને કહેઃ "મારા તને આશીર્વાદ છે, વત્સ !"

may we spend the day in such a way that in the evening you will smile lovingly and say: "My blessings to you, son!"